RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 272, Dt.05-01-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતીય અર્થવ્યવસ્થા ટોચ પર રહેશે: સંયુકત રાષ્ટ્રમાં મોટો દાવો

## ભારતની આર્થિક વૃદ્ધિ આ વર્ષે ૬.૨ ટકાના દરે થશે: દક્ષિણ એશિયામાં જીડીપી ૫.૨ ટકા વધવાનો અંદાજ: ભારતમાં ગત વર્ષમાં રોકાણ વધુમાં વધુ થયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**


ભારતીય અર્થવ્યવસ્થાએ છેલ્લા કેટલાક વર્ષોમાં સારુ પ્રદર્શન કરતા દેશની આર્થીક વૃદ્ધિ સતત ૬ ટકાથી ઉપર રહી છે ત્યારે યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ ના એક રિપોર્ટમાં જાહેર કર્યું છે કે ભારતની અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં છે.

આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં મજબૂત સ્થાનિક માંગ અને ઉત્પાદન તેમજ સેવા ક્ષેત્રોમાં મજબૂત વૃદ્ધિને કારણે ૨૦૨૪માં આર્થિક વૃદ્ધિ દર ૬.૨ ટકા રહેવાની સંભાવના છે જ્યારે દક્ષિણ એશિયામાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૫.૨ ટકા વધવાનો અંદાજ છે. આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર અર્થતંત્રને મજબૂતી આપવાનું ચાલુ રાખશે, જો કે અનિયમિત વરસાદની પેટર્નથી કૃષિ ઉત્પાદનને અસર થવાની સંભાવના પણ વ્યક્ત કરી છે.

આ રિપોર્ટ અનુસાર વિકસિત અર્થવ્યવસ્થાઓની તુલનામાં વિકાસશીલ અર્થવ્યવસ્થાઓમાં રોકાણ વધુ મજબૂત રહ્યું છે જો વર્ષ ૨૦૨૩ની વાત કરવામાં આવે તો દક્ષિણ એશિયામાં ખાસ કરીને ભારતમાં રોકાણ મજબૂત રહ્યું હતું. આ સાથે એ પણ કહેવામાં આવ્યું છે કે જળવાયું પરિવર્તન સંબંધિત ઘટનાઓથી ૨૦૨૩માં દક્ષિણ એશિયાના ક્ષેત્રને ઘણુ નુકસાન પહોંચાડ્યું છે.

## બ્લડ બેન્ક અને ખાનગી હોસ્પિટલ હવે લોહીની રકમ વસુલી નહીં શકે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



કેન્દ્ર સરકારે દર્દીઓના હિતમાં અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લઈને હોસ્પીટલ તથા ખાનગી બ્લડ બેંકો માટે રક્ત (લોહી)ના બદલામાં માત્ર પ્રોસેસીંગ ફી જ વસુલવાનો આદેશ કર્યો છે. દાનમાં લોહી મળ્યુ હોવા છતાં તગડી રકમ વસુલીને નરીતસરનો ધંધોથ કરવા પર રોક લગાવી છે એટલું જ નહીં દર્દી માટે રકત આપવાની સામે તેના કોઈ પરિજનોને રકત આપવાની પણ ફરજ પાડી નહીં શકાય.

ઉલ્લેખનીય છે કે, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ નિર્ણયનું પાલન કરવા અને નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલની સુધારેલી માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવ્યું છે.

# ૯ કેન્દ્રીય પ્રધાન સહિત ૬૮ સાંસદ આ વર્ષે રાજ્યસભામાંથી નિવૃત્ત થશે

## આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રૂપાલા, અશ્વિની વૈષ્ણવનો કાર્યકાળ એપ્રિલ માસમાં પુરો થઈ રહ્યો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવ કેન્દ્રીય પ્રધાન સહિત રાજ્યસભાના ૬૮ સભ્યનો કાર્યકાળ આ વર્ષે પૂરો થઈ રહ્યો છે, જેમાં કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન, પર્યાવરણ પ્રધાન ભૂપેન્દ્ર યાદવ, આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રુપાલા, સહિત ૫૭ નેતાનો કાર્યકાળ તો એપ્રિલ મહિનામાં પૂરો થઈ રહ્યો છે. રાજકીય પાર્ટીના નેતાઓની નજરે સંસદના ઉચ્ચ ગૃહમાં છ વર્ષના કાર્યકાળ માટે સૌથી ઊંચા હોદ્દા છે.

૬૮ ખાલી પડેલા પદમાંથી દિલ્હીની ત્રણ બેઠક માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટી (આપ)ના



સંજય સિંહ, નારાયણ દાસ ગુપ્તા અને સુશીલ કુમાર ગુપ્તાનો કાર્યકાળ ૨૭મી જાન્યુઆરીના પૂરો થશે. સિક્કિમમાં રાજ્ય સભાની એક માત્ર બેઠક માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (એસડીએફ)ના સાંસદ હિશે લાચુંગપા ૨૩ ફેબ્રુઆરીએ નિવૃત્ત થશે.

આ ઉપરાંત, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ, શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, પર્યાવરણ પ્રધાન ભૂપેન્દ્ર યાદવ, આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા અને ભૂતપૂર્વ વડા પ્રધાન ડો. મનમોહન સિંહ સહિત ૫૭ નેતાનો કાર્યકાળ એપ્રિલ મહિનામાં પૂરો થશે.

ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ બેઠક ૧૦ ખાલી થશે, ત્યારબાદ મહારાષ્ટ્ર અને બિહારમાં છ-છ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં પાંચ-પાંચ, કર્ણાટક અને ગુજરાતના ચાર-ચાર, ઓડિશા, તેલંગણા, કેરળ અને આંધ્ર પ્રદેશમાં ત્રણ-ત્રણ, ઝારખંડ અને રાજસ્થાનમાં બે-બે અને ઉતરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને છતીસગઢમાં એક-એક સીટ ખાલી થશે.

# બેન્ક થાપણદારો માટે રાહતના સમાચાર: ડિપોઝીટ પર ઉંચુ વ્યાજ મળતુ રહેશે

## સ્ટેટ બેન્ક, કોટક બેન્ક, ડીસીબી સહિતની બેન્કોએ થાપણ વ્યાજદર વધાર્યા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મોંઘવારીના વર્તમાન દોરમાં બેંક થાપણદારો માટે રાહતના સમાચાર છે.દેશમાં ધિરાણ-લોનમાં સતત વૃધ્ધિની સામે પ્રવાહીતતાની પરિસ્થિતિ ટાઈટ રહેવા સાથે ભંડોળ મેળવવાની સ્પર્ધાને ધ્યાને રાખીને થાપણ વ્યાજદર ઉંચા જ રહેવાની શકયતા છે. નાની મોટી બેંકોએ ધિરાણને પહોંચી વળવા માટે નિશ્ચિત સમયગાળાનાં વ્યાજ વધારવાનો સિલસિલો જારી જ રાખ્યો છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ ગત સમાહમાં અમુક નિયત સમયગાળાની થાપણો પરનાં વ્યાજદરમાં ૦.૨૫ થી ૦.૫૦ ટકા સુધીનો વધારો જાહેર કર્યો છે.૪૦૦ દિવસની થાપણ પર ૭.૧૦ ટકાની ખાસ સ્કીમ લોંચ કરી છે. આજ રીતે કોટક મહિન્દ્ર બેંક દ્વારા ત્રણ વર્ષ કરતા વધુ સમયગાળાની ફીકસ્ડ ડીપોઝીટ પરના વ્યાજદરમાં ૦.૫૦ થી ૦.૭૫




ટકાનો વધારો કર્યો છે. નાની બેંક એવી ડીસીબીએ ૧૨ મહિના ૧ દિવસ તથા ૧૨ મહિના ૧૦ દિવસની એફડી પરનું વ્યાજ ૦.૧૦ ટકા વધારીને ૭.૮૫ ટકા કર્યું છે. ૨૫ થી ૨૬ મહિના માટે ૮ ટકાનું વ્યાજ આપી રહી છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે બેંકો પાસે વ્યાજદરમાં વધારો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી બેંકોમાં પ્રાથમીકતાની હાલત ટાઈટ છે. થાપણ મેળવવા માટે સ્પર્ધા છે. કારણ કે ઈન્વેસ્ટરોને મ્યુચ્યુઅલ ફંડ શેરબજાર જેવા રોકાણના અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ છે. થાપણમાં વૃધ્ધિ હોવા છતા ધિરાણમાં થઈ રહેલા વધારા જેટલી નથી. બેંકોને અગાઉ એવો અંદાજ હતો કે વર્તમાન ચાલુ ત્રિમાસીક ગાળાથી થાપણ પરના વ્યાજ ઘટાડી શકાશે પરંતુ ધિરાણ વૃધ્ધિને ધ્યાને લેતાં હવે લાંબા વખત સુધી થાપણ વ્યાજદર ઉંચા રાખવા પડે તેમ છે.

કેન્દ્ર સરકારે ૨૦૦૦ ના દરની નોટો પાછી ખેંચવાનો નિર્ણય કર્યો છે.ત્યારે બેંકોમાં ૨.૫ લાખ કરોડની સરપ્લસ લીકવીડીટી હતી જે હવે ૧.૨ લાખ કરોડની ખાધ ધરાવે છે.

બેંકીંગ નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ધિરાણમાં મોટી વૃધ્ધિને ધ્યાને લેતાં બેંકો થાપણ પરનાં વ્યાજદર ઘટાડી શકે તેમ નથી. જાન્યુઆરીથી માર્ચ ધિરાણ વધતુ હોય છે. ત્યારે બેંકોને થાપણ વ્યાજ વધારવાની ફરજ પડી શકે છે આ સ્થિતિમાં બેંકોના નફા માર્જીનમાં ૦.૦૫ ટકાથી માંડીને ૦.૨૦ ટકા સુધીનું દબાણ આવી શકે છે. ભારતમાં ધિરાણ વૃધ્ધિદર હળવો થવાના કોઈ સંકેત નથી નવા વર્ષમાં ૧૫ ટકાનો વૃધ્ધિદર રહેવાનું અંદાજાય રહ્યું છે. ત્યારે બેંકોએ થાપણદાર વધારવા પડે અને ધિરાણમાં કાપ મુકવો પડે તેવી સ્થિતિ સર્જાવાની શકયતા છે.''

# પશ્ચિમ બંગાળમાં દરોડો પાડવા ગયેલી ઈડીની ટીમ પર હુમલો

## સરકારના ઈશારે વિપક્ષી નેતાઓને નિશાન બનાવતાં હોવાનો ચોંકાવનારો આક્ષેપ

**મુખ્ય સમાચાર, કોલકાત્તા**

ભારતમાં વિપક્ષી રાજકીય નેતાઓ પર દરોડા વિશે આક્ષેપ-પ્રતિઆક્ષેપો વચ્ચે આજે પશ્ચિમ બંગાળમાં દરોડા પાડવા ગયેલી એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી)ની ટીમ પર હુમલો થતા ખળભળાટ સર્જાયો હતો. ટોળા દ્વારા એજન્સીના અધિકારીઓને ઘેરી લેવાયા હતા અને વાહનમાં તોડફોડ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે તૃણમુલ કોંગ્રેસના નેતા શાહજહા શેખના કથિત રાશન કૌભાંડના અનુસંધાને ઈડીની ટીમ દરોડા કાર્યવાહી માટે પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા જીલ્લાના સંદેશ ખાલી પહોંચી હતી ત્યારે એકાએક ૨૫૦થી ૩૦૦ માણસોનું ટોળુ ધસી આવ્યુ હતું અને ટીમ પર હુમલો કર્યો હતો.

મહત્વની વાત એ છે કે, તપાસનીશ એજન્સીની સુરક્ષા માટે અર્ધલશ્કરી ટીમોને પણ તૈનાત કરવામાં આવી હતી પરંતુ ૨૫૦ થી ૩૦૦ લોકોના ટોળાએ ઈડી ઉપરાંત સુરક્ષાદળોને પણ ઘેરી લીધા હતા અને વાહનોમાં તોડફોડ કરી હતી.



આ ઘટનામાં ઈડી કે સુરક્ષા જવાનોને કોઈ ઈજા થઈ છે કે કેમ તે સ્પષ્ટ નથી પરંતુ ટોળાએ ઈંટ અને પથ્થરોનો મારો કર્યો હતો. ઘટનાસ્થળે હાજર મીડીયાકર્મીઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. તપાસનીશ એજન્સીના સૂત્રોએ કહ્યું કે, ઈડી દ્વારા મહિલાઓથી પશ્ચિમ બંગાળના રાશનકાર્ડ કૌભાંડની તપાસ ચલાવવામાં આવી રહી છે. રાજયમાં ગરીબો માટેનું ૩૦ ટકા સરકારી અનાજ બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો. સરકારી અનાજ ખુલ્લા બજારમાં વેચીને વેપારી-મીલરો તથા રેશનીંગ વિક્રેતાઓએ ભાગબટાઈ કરી લીધી હતી અને જંગી ગેરકાયદે કમાણી કરી હતી.

ઈડીની તપાસમાં એવુ ખુલ્યુ હતું કે,ચોખામીલોએ સહકારી સંસ્થાઓને સાથે રાખીને બોગસ બેંક ખાતા ખોલ્યા હતા. ખેડુતોના નામના આ બોગસ ખાતાઓમાં ન્યુનતમ ટેકાના ભાવે ખરીદીના બોગસ વ્યવહારો થયા હતા. એક મુખ્ય શકમંદે કબુલ્યુ હતું કે કવીંટલદીઠ મીલરો- વેપારીઓને ૨૦૦ રૂપિયાની કમાણી થતી હતી અને રાજયમાં વર્ષોથી આ પ્રકારનું કૌભાંડ ચાલી રહ્યું છે.

આ પ્રકરણમાં ઈડીએ ગત ઓકટોબરમાં ચોખા-આટા મીલર બાકીબુર રહેમાનની ધરપકડ કરી હતી. રૂા.૧.૪૨ કરોડની રોકડ તથા વાંધાજનક દસ્તાવેજો પણ કબ્જે કરવામાં આવ્યા હતા. કૌભાંડમાંથી કમાયેલા અને બોગસ ખાતાઓના ૧૬.૮૭ કરોડ ટાંચમાં આવ્યા હતા. આ કૌભાંડને સંલગ્ન મની લોન્ડરીંગ કેસમાં પશ્ચિમ બંગાળના મંત્રી જયોતિપ્રિયા મલીકની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ૨૦૧૧થી ૨૦૨૧ સુધી પુરવઠા મંત્રી હતા અને જયારે રેશનકૌભાંડ થયુ હતું.

# અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારક અને ધરમપુર વિજ્ઞાન કેન્દ્રને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## બોમ્બ સ્કવોર્ડ અને SOGની ટીમ ઘટના સ્થળે પહોંચી: ધમકી મળ્યા બાદ સ્કૂલનો કાર્યક્રમ રદ કરાયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશમાં છેલ્લા થોડા સમયથી બોમ્બ બ્લાસ્ટ અને હત્યાની ધમકીના ઈમેઈલ-ફોનની ઘટનાઓ વધી છે. ત્યારે આ તબક્કામાં હવે અમદાવાદથી મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારક અને ધરમપુરના વિજ્ઞાન કેન્દ્રને બોમ્બથી ઉડાવાની ધમકી મળી છે.

અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારક ઓફિસમાં સરદાર સ્મારકને સ્ફોટક પ્રદાર્થથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઈલ



મળ્યો છે. જ્યારબાદ બોમ્બ સ્કવોર્ડ અને જ્યત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે. ધમકી મળ્યા બાદ સ્કૂલનો કાર્યક્રમ રદ કરાયો છે અને કાર્યક્રમ પહેલા વિદ્યાર્થીઓને રવાના કરી દેવાયા છે.

તો બીજી તરફ વલસાડના ધરમપુરના વિજ્ઞાન કેન્દ્રને પણ સ્ફોટક પદાર્થથી ઉડાવી દેવાની ઈ-મેઈલ દ્વારા ધમકી મળી છે. જેમાં વિજ્ઞાન કેન્દ્ર અને આસપાસના વિસ્તારમાં બોમ્બ સ્કવોર્ડ દ્વારા ચેકિંગ હાથ ધરાયું છે. તો ધરમપુરના જાહેર રસ્તા પર પણ પોલીસ ચેકિંગ કરાઈ રહ્યું છે.

# ડુંગળીના ભાવમાં ઘટાડો થતા નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાની સરકારની તૈયારી

## ભાવમાં ઘટાડો છતાં સરકાર બજારમાં રાહત દરે વેચાણ ચાલુ રાખશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સ્થાનિક બજારમાં કિંમતોમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી શકે છે. આ અઠવાડિયે આ સંદર્ભે સમીક્ષા બેઠક યોજાય તેવી શક્યતા છે અને ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. નોંધનીય છે કે દેશમાં ડુંગળીના ઉત્પાદનમાં ઘટાડો અને ત્રણ મહિનામાં બમણાથી વધુ ભાવવધારા બાદ સરકારે ૮ ડિસેમ્બરે ડુંગળીની નિકાસ પર ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી પ્રતિબંધ લાદ્યો હતો.

રિપોર્ટ અનુસાર છેલ્લા ૧૦ દિવસમાં ખરીફ ડુંગળીની આવક વધી છે. બજારોમાં દરરોજ ૧૫,૦૦૦ ક્વિન્ટલથી વધુની આવક ચાલુ છે. આવકમાં વધારાને કારણે ડુંગળીની કિંમત ૧૮૭૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી લગભગ ૨૦ ટકા ઘટીને ૧૫૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે.

ગયા મહિનાની સરખામણીએ કિંમતોમાં લગભગ ૩૫ ટકાનો ઘટાડો થયો છે અને તેના કારણે સ્થાનિક બજારમાં પણ ભાવ ઘટવા લાગ્યા છે. આ સ્થિતિને જોતા સરકાર પ્રતિબંધના નિર્ણયની સમીક્ષા કરશે અને સંભવિત છે કે સહકારી માધ્યમો દ્વારા નિકાસને મંજૂરી મળી શકે છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સમગ્ર દેશમાં ડુંગળીની સરેરાશ કિંમત ૩૯.૫૦ રૂપિયા હતી અને મોડેલની કિંમત ૩૦ રૂપિયા હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ભાવમાં ઘટાડા છતાં



સરકાર સ્થાનિક બજારમાં રાહત દરે વેચાણ ચાલુ રાખશે. ઉપરાંત એસીસીએફ, નાફેડ સહિત અન્ય સહકારી સંસ્થાઓ પાસેથી પણ ખરીદી ચાલુ છે.

અત્યાર સુધી સરકારે ૨૫,૦૦૦ ટનની ખરીદી કરીને સ્થાનિક બજારમાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે.

૧. ૧૭ ઓગસ્ટ : નિકાસ પર ૪૦% ડયુટી, ઈતિહાસમાં પ્રથમ વખત આટલી મોટી ડયુટી લાદી

૨. બફર સ્ટોક માટે ૨૫,૦૦૦ ટન ડુંગળીની ખરીદી કરવામાં આવી

૩. ૨૦૨૩-૨૪ માટે બફર સ્ટોકનો લક્ષ્યાંક વધારીને ૭ લાખ ટન કરવામાં આવ્યો, ગયા વર્ષનો સ્ટોક ત્રણ લાખ ટનનો હતો.

# લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષો રૂ. એક લાખ કરોડ ખર્ચશે

## ખર્ચને કારણે ઉપભોગ માગ વધવાથી આર્થિક વિકાસ દરમાં વધારો થવા સંભાવના

**મુખ્ય સમાચાર, મુંબઈ**

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં રૂપિયા ૬૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે વર્તમાન વર્ષમાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે વિવિધ રાજકીય પક્ષો દ્વારા રૂપિયા એક લાખ કરોડ જેટલો જંગી ખર્ચ થવાની શકયતા છે. ચૂંટણી ખર્ચને પરિણામે ઉપભોગમાં વધારો થશે અને વર્તમાન નાણાં વર્ષના છેલ્લા ત્રિમાસિકમાં દેશના આર્થિક વિકાસ દરમાં ૦.૩ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે, એમ વિશ્લેષકો માની રહ્યા છે.

વિવિધ રાજકીય પક્ષોના સૂચિત ઉમેદવારો પોતાના ચૂંટણી પ્રચાર અર્થે વર્તમાન ત્રિમાસિક ગાળા એટલે કે નાણાં વર્ષ ૨૦૨૪ના અંતિમ ત્રિમાસિકમાં પ્રચાર માટે પ્રવાસ પાછળ ખર્ચ કરશે એટલું જ નહીં પ્રચાર સામગ્રી ઉપરાંત અન્ય ચૂંટણી



લક્ષી પ્રવૃત્તિઓ પાછળ જંગી માત્રામાં ખર્ચ થવાની અપેક્ષા હોવાનું એક આર્થિક વિશ્લેષકે જણાવ્યું હતું.

આ ખર્ચને કારણે લોકોના હાથમાં નાણાં પ્રવાહ વધશે જે ઉપભોગ ખર્ચમાં વધારો કરાવશે. આ અગાઉ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વેળા વિવિધ રાજકીય પક્ષો દ્વારા રૂપિયા ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ કરાયાનો અંદાજ મુકાયો હતો. ફુગાવાને ધ્યાનમાં રાખતા ૨૦૨૪ની ચૂંટણીમાં આ આંક વધીને રૂપિયા એક લાખ કરોડ પહોંચવાની અપેક્ષા છે.

આમાંનો મોટાભાગનો ખર્ચ રોકડમાં થશે અને તેનો કોઈ હિસાબ નહીં હોય એમ અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું. ઉપભોગ ખર્ચમાં સૌથી વધુ વધારો ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળશે. ખાસ કરીને નીચી આવકવાળા પરિવારો દ્વારા ઉપભોગમાં વધારો થશે.

તાજેતરમાં જ યોજાઈ ગયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીને કારણે વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ઉપભોગ ખર્ચમાં વધારો જોવા મળ્યો હતો. માગમાં વધારાને કારણે અંતિમ ત્રિમાસિક ગાળામાં જીડીપીમાં ૦.૩૦ ટકા સુધીનો વધારો જોવા મળવા અપેક્ષા છે.

વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૬.૫૦ ટકા અને ચોથા ત્રિમાસિકમાં ૬ ટકા રહેવાની રિઝર્વ બેન્કે ધારણાં મૂકી છે.

ફુગાવાને કારણે ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી)ની માગ પર જે અસર જોવા મળી રહી છે, તે ચૂંટણીને કારણે ભરપાઈ થઈ શકશે. બુધવારે જાહેર થયેલા દેશના ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ૫૦ની ઉપર રહેવા પામ્યો છે, જે ઉત્પાદકો માટે સાનુકૂળ સ્થિતિના સંકેત આપે છે.

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષોના ઉમેદવારો મતદારોને રિઝવવા માટે જંગી નાણાંકીય ખર્ચ કરતા હોય છે. સામાન્ય રીતે ઉમેદવારે પોતાના ખર્ચનો હિસાબ ચૂંટણી પંચને આપવાનો રહેતો હોવાથી ચોપડા પર ખર્ચ ખાસ જોવા મળતો નથી હોતો, એમ પણ વિશ્લેષકે ઉમેર્યું હતું.

# વાછકપર બેડીગામે યુવાન પર નવ શખ્સોએ કર્યો જીવલેણ હુમલો

## જુની અદાવતનો ખાર રાખી ટોળકીએ મારમારી યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત ક્ર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા વાછકપર બેડીગામે અનુ.જાતી યુવાન પર જુની અદાવતનો ખાર રાખી ઘાતક હથિયારો વડે નવ શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજા કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત ક્ર્યાની ફરિયાદ કુવાડવા પોલીસમાં નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ વાછકપર બેડીગામે રહેતો હરેશ મોતીભાઈ જાદવ નામનો યુવાન ગઈકાલે પોતાના ઘર પાસે હતો ત્યારે જુની અદાવતનો ખાર રાખી ગામમાં રહેતો મોતી જીવણ હાડગરડા, અક્ષ્ય મોતી, જીવણ મલ્લા, ગોવિંદ નવઘણ, હરેશ નાગજી, પુના નોંધા, સુરેશ ઘેલા, રવી ઘેલા, હીરા જીવણ સહિતના શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી લોખંડના પાઈપ કુહાડી ધોકા જેવા ઘાતક હથિયારો ધારણ કરી યુવાન પર જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર ઈજા કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ નવ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# વેરાવળ-સુરત વિન્ટર સ્પેશિયલ ટ્રેનને ૫ વધારાના સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વેરાવળ-સુરત અને સુરત-વેરાવળ સાપ્તાહિક વિન્ટર સ્પેશિયલ ટ્રેનોને ૫ સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ-સુરત વિન્ટર સ્પેશિયલ ૦૯ જાન્યુઆરી, ૨૦૨૪થી અને ટ્રેન નંબર ૦૯૦૧૭ સુરત-વેરાવળ વિન્ટર સ્પેશિયલ ૦૮ જાન્યુઆરી, ૨૦૨૪થી ૫ વધારાના સ્ટેશનો પર ઉભી રહેશે જેમાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, નડિયાદ, આણંદ અને ભરૂચનો સમાવેશ થાય છે.

ટ્રેનોના સ્ટોપેજ સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિસાવદરના વેકરીયા ગામે એસએમસી ત્રાટકી: ૧૬૬ બોટલ દારૂ ભરેલી કાર કબ્જે

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

૧ જૂનાગઢ ૧ સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફે આજે બાતમીના આધારે વિસાવદરના વેકરીયા ગામ પાસે રેડ કરીને એક દારુ ભરેલી કાર ઝડપી લઈને સ્થળ પર હાજર નહી મળી. આવેલા બે ઈસમો સામે ગુન્હો દાખલ કર્યો છે.

વિસાવદરના વેકરીયા ગામ પાસે દારુની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફે આજે સવારે રેડ કરી હતી, અને અહી વેકરીયા ગામની દેવલીધાર વિસ્તારમાં એક વાડી પાસે ઉભેલી સફેદ કલરની કારની તલાસી લેતા તેમાંથી ૬૭,૭૮૦ ની કીમતની દારુની ૧૬૬ બોટલ મળી આવતા દારુ અને પાંચ લાખની કીમતની કાર કબ્જે કરી હતી.

પોલીસ તપાસમાં ધારીનો મયુર મનુ જેબલિયા નામનો શખ્સ દારુની ખેપ મારવા આવ્યો હોવાનું અને વિસાવદરના એક અજાણ્યા શખ્સના સંપર્કમાં હોવાનું સામે આવતા બને હાજર નહી મળી આવેલા ઈસમો સામે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# ટંકારા નજીક ખેતરમાં કપાસના વાવેતરની આડમાં છુપાવી રાખેલ વિદેશ દારૂ-બિયરના જથ્થા સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ટંકારા તાલુકાના ગજડી ગામની સીમમાં આવેલ વાડીમાં દરોડો પાડી વેચાણ કરવાને ઇરાદે કપાસના વાવેતરની આડમાં છુપાવી રાખેલ વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે ખેતરમાં કામ કરતા ખેતશ્રમિકને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં આ વિદેશી દારૂ-બિયરનો જથ્થો વાડીના માલિક તથા અન્ય એક શખ્સ દ્વારા વાડીએ વેચાણ કરવાના ઇરાદે રાખ્યાની કબૂલાત આપતા પોલીસે વિદેશી દારૂ બિયરનો જથ્થો કબ્જે લઇ ત્રણેય આરોપી વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુન્હો નોંધી આરોપી વાડી માલિક તથા અન્ય એક શખ્સને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# થાનમાં સગીરાએ ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી એસીડ પીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ : થાનગઢમાં ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી સગીરાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સગીરાને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ થાનગઢમાં આવેલા મફતિયાપરા વિસ્તારમાં રહેતા પરિવારની ૧૭ વર્ષની સગીરાને પાડોશમાં રહેતો ભોજા નામનો ધરાર પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી પોતાના અન્ય બે મિત્રો સાથે મળી સગીરાનો પીછો કરી અવાર નવાર પજવણી કરતો હતો ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી ૧૭ વર્ષની સગીરાએ પોતાના ઘરે હતી ત્યારે સવારના અગીયારેક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું સગીરાને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થાનગઢ પોલીસને જાણ કરતા થાનગઢ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં એસિડ પી આપઘાતનો પ્રયાસ કરનાર સગીરાની પાડોશમાં રહેતા ભોજા નામનો શખ્સ પોતાના અન્ય બે મિત્રો સાથે મળી સગીરાને લગ્ન કરવા અને ધરાર પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી પજવણી કરતો હતો. જેથી ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી સગીરાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે થાનગઢ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગાયત્રીનગરમાં વૃધ્ધાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગાયત્રીનગરમાં રહેતાં સમજુબેન મોહનભાઈ મકવાણા (ઉ.વ.૬૫) નામના વૃધ્ધાએ ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. સમજુબેને રૂમમાં દોરી બાંધી આ પગલુ ભરી લીધુ હતું. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. રાત્રે પરિવારજનો ઉંઘી ગયા હતાં. સવારે મોડે સુધી સમજુબેન રૂમમાંથી બહાર ન આવતાં તપાસ કરતાં તેઓ લટકતાં જોવા મળતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બી-ડિવીઝન પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. કેન્સરની બિમારીથી કંટાળીને આ પગલુ ભર્યાનું બહાર આવ્યું હતું.

## જિલ્લા ભાજપ આગેવાન મનોજભાઈ અકબરીનો જન્મદિવસ



રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી સામાજિક આગેવાન એવા મનોજભાઈ અકબરી ૪૧ માં જન્મદિવસ નિમિત્તે જિલ્લાના ધારાસભ્ય સંસદ સભ્યો જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ જિલ્લા /તાલુકા ભાજપ સંગઠન દ્વારા જન્મ દિવસ ની ખુબ ખુબ શુભકામનાઓ આપી રહ્યા છે કાયમી લોકોની વચ્ચે રહેતા મનોજભાઈ અકબરી ૪૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા ખૂબ ખુબ અભિનંદન.....

# રાજકોટમાં નશાખોર પિતાએ ૯ વર્ષની પુત્રીને તાવીથા વડે બેરહેમીથી માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મોરબી રોડ જકાતનાકા પાસે આવેલા ખોડીયાર માતાજીના મંદિર પાસે રહેતા પરિવારની દેવિકાબેન ચેતનભાઈ બોરાણા નામની ૯ વર્ષની બાળા પોતાના ઘરે હતી ત્યારે રાત્રિના સાડા આઠેક વાગ્યાના અરસામાં તેના પિતા ચેતન બોરાણાએ તાવીથા વડે માર માર્યો હતો ગંભીર ઈજા પહોંચતા માસુમ બાળકીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં દેવિકાબેન બોરાણા એક ભાઈ એક બહેનમાં મોટી છે અને તેના પિતા ચેતનભાઈ બોરાણા દારૂ પીવાની કુટેવ ધરાવે છે અને અવારનવાર દારૂના નશામાં પત્ની અને સંતાનોને માર મારતા હોવાનો પત્ની કોમલબેને આક્ષેપ કર્યો છે. બી ડિવિઝન પોલીસે આક્ષેપના પગલે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીએસટી-સીએસટીમાં નામ ફેરના મામલે 30 હજારની લાંચ લેતા ઝડપાયેલા બીઆઈએસના તત્કાલીન ડીરેક્ટરને ચાર વર્ષની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઉધોગપતિ પાસેથી લાંચ લેવાના ૧૬ વર્ષ પહેલાના કેસમાં બ્યુરો ઈન્ડીયન સ્ટાન્ડર્ડ (BIS)ના તત્કાલીન ડીરેક્ટરને ખાસ અદાલતે ચાર વર્ષની સજા અન રૂ.30 હજારનો દંડ ફરવામાં આવ્યો છે.

આ કેસની હકીકત મુજબ સને.૨૦૦૭માં રાજકોટના ઉધોગપતિએ પોતાનો ઉધોગ મોરબી ખાતેના યુનિટને વેંચી નાખેલ હતો. આ મુજબ વેચાણ થઈ જતા ફરીયાદી પોતાના ઉધોગનુ લાયસન્સ ટ્રાન્સફર કરવા માટે અને પોતાના ઉધોગની તમામ મશીનરીની નોંધણી કરાવવાની રહેતી હતી. જે મુજબ ફરીયાદીના ઉધોગને ખરીદનારના નામે લાયસન્સ અને એસ.ટી., સી.એસ.ટી. અને ટીન નંબર ટ્રાન્સફર કરાવવુ ફરજીયાત હોવાથી ફરીયાદીએ માલિકનુ નામ ફેર કરવા અરજી કરી હતી જેમા ડીરેકટર માહનલાલ સીતારામ કોસ્ટા અરજીના અનુસંધાને મોરબી ખાતે જઈ મશીનરી આ ઉધોગમા સ્થળાંતર થયેલી હોવાની ખાતરી કરી હતી બાદ ઉધાગની માલિકીના રજિસ્ટરમાં ફરીયાદીનુ નામ બદલવા માટે રૂ.30 હજાર લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા બાદમાં પોલીસે ચાર્જશીટ રજુ કરતા વકીલોની દલીલો કરી હતી જેમા આરોપી તરફેનો બચાવ અત્યંત હાસ્યાસ્પદ અને અપરીપકવ હોય અને સરકારી વકીલની દલીલો દરમ્યાન જજે આરોપીને ચાર વર્ષની સજા અને રૂ.30 હજારનો દંડ ફરમાવ્યો હતો.

# ઉપલેટાનાં મોજીરા ગામે યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ૨૧૦થી વધુ ગ્રામજનોની નિઃશુલ્ક આરોગ્ય તપાસ કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકાનાં મોજીરા ગામે યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ગ્રામજનોનું આરોગ્ય વિભાગ દ્વારા નિઃશુલ્ક ૨૧૦થી વધુ લોકોની આરોગ્ય તપાસ, ટીબીના રોગની પણ તપાસ કરાઈ, તેમજ ૧૦૦ જેટલા પશુઓની સારવાર પણ કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની જન જન સુધી પહોંચે તે હેતુસર ગામડે ગામડે ફરતા આ રથનું ગ્રામજનોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિના લાભો વર્ણવતી નાટ્ય કૃતિ દ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા માટે પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ગામની સશકત કિશોરી, તેજસ્વી વિદ્યાર્થી, સ્થાનિક કલા કારીગર, રમતવીરને આ તકે મહાનુભાવોનાં હસ્તે પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ દ્વારા સરકારના વિવિધ વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે લાભાર્થીઓને ઉજ્જવલા યોજના અન્વયે ગેસ કીટ, આયુષ્માન કાર્ડ, પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

''મેરી કહાની, મેરી ઝુબાની'' અંતર્ગત લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વર્ણવ્યા હતા. ગ્રામ પંચાયત દ્વારા આયુષ્માન કાર્ડની કામગીરી, જન ધન યોજના, જલ જીવન મિશન, પીએમ કિશાન યોજના, ઓડીએફ પ્લસ એટલે કે ખુલ્લામાં શૌચ મુક્ત ગામ, સહિત જમીન રેકર્ડ ડીઝીટાઈઝેશનની 100% કામગીરી થવા બદલ પ્રશસ્તિપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા . ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વિકસિત ભારત સંકલ્પ સંદેશની શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ભારતને વિકસિત ભારત બનાવવા યથા યોગ્ય યોગદાન આપવા સંકલ્પબધ્ધ થયા હતા.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ પાડલીયા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયત આગેવાનશ્રીઓ, વિકસિત ભારત રથ નોડલશ્રી કે.ડી.સખીયા, ખેતીવાડી વિભાગ, બેંક, પશુપાલન, આરોગ્ય, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, તલાટી મંત્રીશ્રી, આઈ.સી.ડી.એસ., સહિતનાં સંબધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના ન્યાયતંત્રના ઈતિહાસમાં નવા અધ્યાયરૂપ કોર્ટ બિલ્ડીંગનો શુભારંભ કરનાર ભારતના ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડ વિષે જાણીએ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

**આલેખન – ભાર્ગવ કે. ભંડેરી**



ભારતના ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડના હસ્તે રાજકોટમાં તૈયાર થયેલ નવા કોર્ટ બિલ્ડીંગનું લોકાર્પણ થવાનું છે, ત્યારે તેમના વિષે માહિતગાર થઈએ.

જસ્ટીસ ધનંજય યશવંત ચંદ્રચુડ, જેમની તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુએ ભારતના નવા ચીફ જસ્ટીસ તરીકે નિયુક્તિ કરી હતી. તેમણે તા.૯ નવેમ્બર-૨૦૨૩નાં રોજ ભારતના ૫૦માં ચીફ જસ્ટીસ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો અને તેઓ ૧૦ નવેમ્બર,૨૦૨૪નાં રોજ ચીફ જસ્ટીસ તરીકે રીટાયર થનાર છે.

જસ્ટિસ ચંદ્રચુડનો જન્મ ૧૧ નવેમ્બર, ૧૯૫૯નાં રોજ થયો હતો. તેમણે હાર્વર્ડ લો સ્કુલમાંથી કક્ખ (માસ્ટર ઓફ લો) અને SJD (ડોક્ટર ઓફ જ્યુડીશીયલ સાયન્સીસ)ની ડીગ્રી મેળવી છે. તેઓશ્રી ૧૯૮૨ની સાલમાં એડવોકેટ બન્યા હતા. તેઓ તેમના પ્રથમ પત્નિના કેન્સરથી થયેલ નિધન બાદ બીજા પત્ની વકિલ કલ્પના દ્વાસ અને બે દિકરીઓ સાથે રહે છે. તેઓ અલ્હાબાદ હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશપદે તેમજ બોમ્બે હાઈ કોર્ટમાં જજ તરીકે સેવા આપી ચુક્યા છે, તેમને ૨૦૧૬ની સાલમાં સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સુપ્રિમ કોર્ટ જજ તરીકેના છ વર્ષના કાર્યકાળ દરમ્યાન તેમણે ઘણાં અતિ મહત્વના ચુકાદાઓ આપ્યા છે, જેમાં ડશિદ્ધભુને મુળભુત અધિકાર તરિકે ઘોષિત કરવા, ભારતીય સંવિધાનના આધારે જ્ઞાતિ અને લિંગ આધારિત ભેદભાવોની સામેની લડત, સમલૈંગિકતાનું તેમજ લગ્નેતર સંબંધોનું બિનજરૂરી અપરાધીકરણ દુર કરવા વગેરેનો સમાવેશ થાય છે. માનવાધિકારો, લૈંગિક સમાનતા, ફોજદારી કાયદાઓ તેમજ શ્રમ કાયદાઓને લગતા કેસોમાં જસ્ટીસ ચંદ્રચુડના પ્રદાને ભારતીય ન્યાયવ્યવસ્થાને વધુ સમૃદ્ધ અને સુદ્રઢ બનાવી છે. ન્યાયસંગત અને ભેદભાવહીન સમાજના નિર્માણ માટેની પ્રતિબધ્ધતા, ભાષાકીય અને ધાર્મિક લઘુમતી સમાજો પ્રત્યેનો તેમનો માનવીય અભિગમ, એચ.આઇ.વી.પોઝિટીવ લોકોના અધિકારોનું રક્ષણ, વગેરે ક્ષેત્રોમાં તેમનુ યોગદાન ચિરસ્મરણીય છે.

સુપ્રિમ કોર્ટની ઇ-કમિટીના અધ્યક્ષ તરીકે જસ્ટીસ ચંદ્રચુડની ભારતીય ન્યાય વ્યવસ્થાના ડીજીટાઇઝેશનમાં ચાવીરૂપ ભુમિકા રહી છે. જેને લીધે ઇ- ફાઇલિંગ, વર્ચ્યુઅલ કોર્ટ, નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રિડ વગેરે શકય બન્યા છે.

ચિફ જસ્ટિસ બન્યા પહેલાં તેઓ હાર્વર્ડ લો સ્કુલ, યેલ લો સ્કુલ, ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટી, સાઉથ આફ્રિકાની યુનિવર્સિટી ઓફ વિટવોટરસ્ટેન્ડમાં ગેસ્ટ લેક્ચરર તરીકેની સેવાઓ ઉપરાંત, યુનાઇટેડ નેશન્સના માનવાધિકારોના હાઇ કમિશન, યુ.એન. એન્વાયર્નમેન્ટલ પ્રોગ્રામ, વર્લ્ડ બેંક, એશિયન ડેવલપમેન્ટ બેન્ક ,એસોસિયેશન ઓફ એશિયન કોર્ટસ જેવી ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓ ખાતે ચાવીરૂપ વક્તવ્યો આપેલા છે.

દેશના હાલના ચીફ જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચુડના પિતાશ્રી જસ્ટીસ યશવંત વિષ્ણુ ચંદ્રચુડ પણ દેશના ૧૬મા ચીફ જસ્ટીસ તરીકે રહી ચુકયા છે. સાત વર્ષ સુધી દેશના ચીફ જસ્ટીસ પદે રહેનાર જસ્ટીસ યશવંત વિષ્ણુ ચંદ્રચુડ સૌથી લાંબો કાર્યકાળ ધરાવનારા ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા તરીકેની ખ્યાતિ ધરાવે છે. તેમનાં કાર્યકાળમાં ઘણા અતિ મહત્વના જજમેન્ટ પસાર કરવામાં આવ્યા હતા, જેમાં પૂર્વ પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધીની 30 દિવસની ઐતિહાસિક જ્યુડીશીયલ કસ્ટડી સહિત શાહબાનો કેસનો બહુચર્ચિત ચુકાદો આપનાર પાંચ જજોની બેન્ચમાં તેમનો સમાવેશ મુખ્ય અને યાદગાર યોગદાન છે.

# કોટડાસાંગાણીના નારકણા ગામમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથનું ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું

## ૨૦૦થી વધુ ગ્રામજનોએ આરોગ્ય શિબિરનો લાભ લીધોઃ ડ્રોન નિદર્શન કરાયુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાનો લાભ લોકો સુધી પહોંચે તે માટે રાજ્યભરના ગામોગામ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથના આગમન થઈ રહ્યા છે. કોટડાસાંગાણી તાલુકાના નારકણા ગામ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથનું ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. આ તકે પી.એમ.ઉજ્જ્વલા, આયુષ્માન કાર્ડ સહિતના યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાતા આશરે ૨૩૫ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો. સરકારશ્રીની આયુષ્માન ભારત, બાલશક્તિ યોજના, માતૃશક્તિ યોજના સહિતની યોજનાનો લાભ મેળવનાર લાભાર્થીઓએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અંગે પોતાની ગાથા રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં ડ્રોન નિદર્શન, સોઈલ હેલ્થ કાર્ડનું પ્રદર્શન અને કુદરતી ખેતી કરતા ખેડૂત સાથે વાર્તાલાપ યોજાયો હતો.

નારકણા ગામમાં ૧૦૦ ટકા આયુષ્માન કાર્ડ નીકળ્યા છે તેમજ ગામ પંચાયતોમાં જલજીવન મિશન તેમજ જમીનના રેકોર્ડનું ડિજીટાઈઝેશન ૧૦૦ ટકા પૂર્ણ થયું છે. તેમજ હર ઘર જલ મિશનની ૧૦૦% કામગીરી બદલ તેને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા તથા સ્થાનિક રમત ગમતની વ્યકિતઓને સન્માનિત કરાયા હતા. આ અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને પ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં નારકણા ગામના અગ્રણીશ્રી જીવનભાઈ વાળા, શ્રી જગદીશભાઈ શિયાળ, આશાબેન પરમાર, ધર્મેશભાઈ દવે, દિપકભાઈ વાવડીયા સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ''૦૫ જાન્યુઆરી – રાષ્ટ્રીય પક્ષી દિવસ''

# સમગ્ર વિશ્વમાં લુપ્ત થતી પક્ષીઓની પ્રજાતિના રક્ષણ અને સંરક્ષણ માટે લોકોને જાગૃત કરવા ઉજવાતો ''રાષ્ટ્રીય પક્ષી દિવસ''

## પક્ષીઓનો વૈવિધ્યસભર વારસો જાળવવા ગુજરાતમાં ૨૩ અભયારણ્યો, ૦૪ રાષ્ટ્રીય ઉદ્યાનો થકી પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકાર કરી રહી છે પરિણામલક્ષી કામગીરી

**-: પ્રાસંગિક :-**
**ભાવિકા લીંબાસીયા**

સમગ્ર વિશ્વમાં લુપ્ત થતી પક્ષીઓની પ્રજાતિના રક્ષણ અને સંરક્ષણ માટે લોકોને માહિતગાર કરવા તથા જંગલી અને પાળેલા પક્ષીઓને બચાવવાના અભિયાન તરીકે દર વર્ષે ૦૫ મી જાન્યુઆરીના રોજ નસ્ત્રરાષ્ટ્રીય પક્ષી દિવસસ્ત્રસ્ત્ર ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પર્યાવરણીય મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા તથા લુપ્ત થવાના આરે રહેલા પક્ષીઓનું અસ્તિત્વ જાળવી શકાય તે માટે પ્લેટફોર્મ અને તક પૂરી પાડે છે. પક્ષીઓ પર્યાવરણ માટે કેટલા જરૂરી છે તેની જાણકારી લોકોને આપવામાં આવે છે.

આ દિવસ ઉજવવાની સૌ પ્રથમ શરૂઆત વર્ષ ૨૦૦૨ માં બોર્ન ફ્રી યુ.એસ.એ. (Born Free USA) અને એવિયન વેલફેરના ગઠબંધને (Avian Welfare Coalition) કરી હતી. આ દિવસ એ પક્ષીઓ પ્રત્યે પ્રેમ દર્શાવવાનો ખાસ દિવસ છે. પ્રકૃતિ પ્રેમીઓ, પર્યાવરણવાદીઓ, પક્ષી નિરીક્ષકો અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના લોકો




''રાષ્ટ્રીય પક્ષી દિવસ''ની ખૂબ જ ઉત્સાહથી ઉજવણી કરે છે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ''રાષ્ટ્રીય પક્ષી દિવસ''ની ઉજવણી આખા વિશ્વમાં કરવામાં આવે છે. રાષ્ટ્રીય પક્ષી દિવસ જુદાં-જુદાં દેશોમાં જુદી-જુદી તારીખે સેલિબ્રેટ કરવામાં આવે છે. ભારતમાં પક્ષી દિવસ ''બર્ડમેન ઓફ ઇન્ડિયા'' તરીકે ઓળખાતા ભારતીય મહાન પક્ષીવિદ અને પ્રકૃતિવિદ એવા ડો. સલીમ અલીના જન્મદિવસ નિમિત્તે ૧૨ નવેમ્બરના રોજ ઉજવાય છે

પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે કટિબદ્ધ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. ગુજરાત પાસે પક્ષીઓનો વૈવિધ્યસભર વારસો જળવાઈ રહે અને તેનું સંવર્ધન અને રક્ષણ થાય તે માટે ૨૩ અભયારણ્યો અને ૦૪ રાષ્ટ્રીય ઉદ્યાનો કાર્યરત કરાયા છે. ગુજરાતમાં વન્યજીવ પશુ પક્ષીઓના સંરક્ષણ માટે ''વન સાથે જન'' જોડીને ગુજરાત સરકાર પરિણામલક્ષી કામગીરી કરી રહી છે, જેના પરિણામે લુપ્ત થવાના આરે પહોંચેલા ચકલી, સુગરી, મેના, મોર, પોપટ જેવા પક્ષીઓમાં વૃદ્ધિ થઈ રહી છે.

રાજ્ય સરકારે પક્ષી બચાવા માટે અનેક અભિયાનો હાથ ધર્યા છે. જેમાં કરૂણા અભિયાન થકી પક્ષીઓનો જીવ ન જાય તે માટે એક ખાસ અભિયન ચલાવવામાં આવી રહયું છે. આ માટે દરેક જિલ્લાઓમાં કરૂણા એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે, જે પશુ પક્ષીઓની સારવાર કરે છે. ઉતરાયણ પર્વે નજીક છે ત્યારે ''જીવો-જીવવા દો-જીવાડવાની'' સંવેદ્દના આ અભિયાન સાથે જોડી પક્ષીઓ પ્રત્યે જીવદયાની નેમ સાકાર કરવા હેતુ રાજ્યભરમાં પક્ષી નિદાન કેન્દ્રો તથા કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

પક્ષીઓના સંરક્ષણ માટે ગુજરાતમાં નળ સરોવર પક્ષી અભયારણ્ય, ગાગા પક્ષી અભયારણ્ય, ખીજડીયા પક્ષી અભયારણ્ય, પોરબંદર પક્ષી અભયારણ્ય, હિંગોળગઢ પક્ષી અભયારણ્ય, વઢવાણ પક્ષી અભયારણ્ય, થોળ પક્ષી અભયારણ્ય, શુલપાણેશ્વર પક્ષી અભયારણ્ય આવેલા છે. જેમાં રાજકોટ જિલ્લામાં વિંછીયા તાલુકામાં આવેલું હિંગોળગઢ પક્ષી અભયારણ્ય નસ્ત્રપ્રાકૃતિક શિક્ષણ અભયારણ્યસ્ત્રસ્ત્ર તરીકે સુપ્રસિદ્ધ છે. આ અભ્યારણ્યમાં દર વર્ષે હજારો સહેલાણીઓ કુદરતના ખોળે વિહરતા ૨૩૦ થી વધુ પ્રજાતિના અનેકવિધ પક્ષીઓ, પતંગિયાઓને નિહાળવા આવતા હોય છે. સમયાંતરે યોજાતી ''પ્રકૃતિ શિક્ષણ શિબિર'' થકી બાળકોને અને લોકોને લુપ્ત થતી પ્રજાતિઓ અને વન્ય પ્રાણીઓ, પક્ષીઓથી માહિતગાર કરી તેનું સંરક્ષણ કરવા સમજ આપવામાં આવે છે.કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ભારતમાં અને ગુજરાતમાં લુપ્ત થતી પ્રજાતિઓનું સંરક્ષણ કરવા માટે અનેક આયોજનો હાથ ધરવામાં આવે છે. લોકોને માહિતગાર કરવા માટે સ્પર્ધાઓ, પ્રાકૃતિક શિક્ષણ શિબિરો સહિત અનેક અભિયાનો થકી પક્ષીઓને સાચવવાના સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.


# જેતપુરમાં વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલા રૂરલ એલસીબી ટીમ ત્રાટકી

## બાપુની વાડી વિસ્તારમાં ૧૪૨૮ બોટલ દારૂ ભરેલી પીકઅપ વાન કબ્જે કરી રૂા.૧૧.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: વલસાડ અને બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂના ગુનામાં નાસતો ફરતો બુટલેગર રાજકોટમાં ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં બુટલેગરો સક્રીય બન્યા હોય ત્યારે પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી બેટલેગરોને દબોચી લેવા કમરકસી છે. ત્યારે જેતપુરમાં વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલા રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી વિદેશી દારૂની ૧૪૨૮ બોટલ ભરેલા બોલેરે પીકઅપ ગાડીને ઝડપી લઈ જેતપુરના નામચીન બુટલેગરની શોધખોળ આદરી છે.





આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબી ટીમના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ ડી.જી.બડવા તથા એચ.સી.ગોહિલ તથા એએસઆઈ મહેશભાઈ જાની સહિતનો સ્ટાફ જેતપુર સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે નીલેશભાઈ ડાંગર તથા દિવ્યેશભાઈ સુવા તથા વિરરાજભાઈ ધાંધલને મળેલ ચોક્કસ બાતમીના આધારે બાપુની વાડી વિસ્તારમાં આવેલ કિશાન શોપ નામના કારખાના પાસે દરોડો પાડતા જેતપુરમાં રહેતો નામચીન બુટલેગર અજય રાજુ રાઠોડ નામ શખ્સ બોલેરો પીકઅપ ગાડી નં.જી.જે.૧૪ એટી ૮૮૦૦ નંબરની ગાડી રેઢી મુકી નાસી જતા પોલીસે બોલેરો પીકઅપ ગાડીની તપાસી લેતા તેમાંથી ૧૪૨૮ બોટલ વિદેશી દારૂ કિંમત રૂા.૬૮૩૫૨૦નો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂા.૧૧.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા જેતપુરના બુટલેગર અજય રાજુ રાઠોડ ની શોધખોળ શરૂ કરી છે. જ્યારે અન્ય એક બનાવમાં રાજકોટ ક્રાઈમ બ્રાંચના એએસઆઈ રણજીતસિંહ પઢીયાર તથા કોન્સ. વિજયભાઈ મેતા સહિતના સ્ટાફે નાણાવટી ચોક પાસે ગાંધીનગર સોસાયટીમાં રહેતો ઈરફાન ઉમર સાનજી નામના બુટલેગરને દબોચી લઈ ગુનાહિત ઈતિહાસ ચેક કરતા આ શખ્સ વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશન તથા બનાસકાંઠા જિલ્લાના ભાભર પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના ગુનામાં નાસતો ફરતો હતો.

# પડધરી હાઈ–વે પર બાઈકની રેસ લગાવી જુગાર રમતા ૧૪ શખ્સો ઝડપાયા

## નવ વાહનો અને રોકડ સહિત ૬.૪૨ લાખનો મુદ્દામાલ કબજે કરાયો : રેસમાં ઉતરેલાં બાઈક પર લખાયુ હતું મોત સે દોસ્તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર દેશમાં બેરોજગારીનો આંક દિવસેને દિવસે વધી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધુ છે. આ ઉપરાંત કહેવાતા બાપ કમાઈ બાબુડીયાઓ પણ નાણા કમાવા માટે અવનવા કીમિયા અજમાવતા રહે છે. પછી ભલે તે કીમિયાઓ પાછળ જાનનું જોખમ હોય, સાથે જુગારની બોલીઓ પણ લાગતી હોય છે. આવા જ પ્રકારનો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં પડધરી હાઈવે પર બાઈક સાથે ચાલુ થાઈ છે સટોસટીના ખેલ.સમયાંતરે રેસ લગાડી બોલી લગાવી જુગાર રમાતો હતો. જે પોલીસના ધ્યાને આવતા સતત વોચ રાખી રાજકોટના ૧૪ શખ્સોને નવ બાઈક સાથે ઝડપી લીધા છે.




આ અંગેની માહિતી મુજબ પડધરી પોલીસ મથકના પીએસઆઈ જી.જે.ઝાલા અને એએસઆઈ બી.એમ.જાડેજા, ડી. બી.લાવડીયા, કોન્સ્ટેબલ વસંતભાઈ ભૂંડિયા અને જયેન્દ્રસિંહ જાડેજા સહિતના સ્ટાફને અગાઉ પણ એવી બાતમી મળી હતી કે, અમુક બાઈક સવાર શખ્સો હાઈવે પર રેસ લગાવી રહ્યા છે. ત્યારે તરઘડી નેશનલ હાઈવે પર જય દ્વારકાધીશ હોટલ પાસે અમુક શખ્સો ટોળું વળી ઉભા હતા. પોલીસ સ્ટાફે તેમની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, તેઓ મોત સે દોસ્તી નામનું ગ્રૂપ ચલાવે છે. જેમાં વાહનો વચ્ચે રેસ કરી તેના પર ભાવ લગાડી જુગાર રમતાં હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસની ટીમે વાહનોની રેસ લગાડી જુગાર રમતાં રાજકોટના ૧૪ શખ્સો વિશાલભાઈ વિશુભાઈ વાઘેલા, મહેંદ્ર કેશુ કલાડીયા, રોહીત મના સોંલકી, કૈશીક ઉર્ફે દેવો કાલુ કુવરીયા, રાજુ અલગોતર, ગૌતામ મકવાણા, વસીમ કાદરી, યોગેશ ચોહાણ, સોહીલ ઉર્ફે ભોલો પરમાર, ધર્મેશ રાઠોડ,, પ્રભાત વાળા, વિજય સોલકી, અજય સવાસડીયા અને પ્રદીપ મકવાણાને ઝડપી લીધા હતા. તમામ પાસેથી રોકડ રૂ.૪૨ હજાર અને કાર, બાઈક સહિત ૯ વાહનો મળી કુલ રૂ.૬.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હાઈ–વે પર કારના બોનેટ પર બેસી જોખમી સ્ટંટ કરનાર યુવતીની અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશિયલ મીડિયામાં જોખમી સ્ટંટની ઘટના સામે આવી હતી.આ સોશિયલ મીડિયા ઇન્સ્ટાગ્રામમાં યુવતીનું આઈડી અંજલિ ચાવડા હોવાનું પણ સામે આવ્યું હતું.હાઇવે પર કારના બોનેટ પર બેસી જોખમી સ્ટંટ કરનાર યુવતીને પોલીસે ઝડપી લીધી હતી.તેમજ યુવતીએ લોકો સમક્ષ કહ્યું કે હું હવેથી જોખમી સ્ટંટ નહીં કરું તમે પણ ન કરતા. રાજકોટની એક યુવતીએ સોશિયલ મીડિયામાં ફેમસ થવા જાહેરમાં રસ્તા પર ફટાકડા ફોડી ઉત્પાત મચાવ્યો છે.યુવતીનો ફટાકડા ફોડવાનો વીડિયો પણ વાયરલ થયો હતો.જેમાં જોઈ શકાય છે કે, એક યુવતી જાહેર રસ્તા પર લોકોના જીવ જોખમાય તેવી રીતે ફટાકડા ફોડી રહી હતી.આ વાયરલ વીડિયો રાજકોટ-



પોરબંદર હાઇવે પર આવેલા બ્રિજનો હોવાનું અનુમાન હતું.આ અંગે રાજકોટ પોલીસે તપાસ આદરી ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી યુવતીનો સંપર્ક અને રહેઠાણ અંગે તપાસ કરી હતી.તેમજ અંજલિ ચાવડા નામની યુવતીની અટકાયત કરતા યુવતીએ લોકો સમક્ષ જણાવ્યું હતું કે,હું હવેથી જોખમી સ્ટંટ નહી કરું અને તમે પણ વાહન પર સ્ટંટ ન કરતા.

# પડધરીના ગીતાનગરમાં બે પશુની બલી ચડાવનાર ભુવાની ધરપકડ

## ભુવાએ અત્યાર સુધીમાં ૭૦૦ પશુની બલી ચડાવ્યાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીના ગીતાનગર વિસ્તારમાં ભુવાના ઘરે માનતાના નામે બે પશુની બલી ચડાવતા ભારત જન વિજ્ઞાન જાથાએ ભુવા સહિત ત્રણ શખ્સો સામે ગુન્હો દાખલ કર્યો હતો. ભુવાએ ૭૦૦ નિર્દોષ પશુની બલી ચડાવ્યાનો ઘટસ્ફોટ થયો હતો. પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી તપાસ આગળ વધારી છે. પડધરી પોલીસ સ્ટેશનની મદદથી વિજ્ઞાન જાથાએ ૧૨૪૦ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ઘટના સ્થળે નાસભાગ થવાથી ત્રણ શખ્સો સહિત ત્રણ બોકળાના સગડ મળ્યા ન હતા.

આ અંગેની માહિતી મુજબ જાથાના કાર્યાલયે દેવીપૂજક સમાજના જાગૃતે ટેલીફોનિક માહિતીમાં કચ્છ પરિવારે રોગ



મટતા અને સંતાન પ્રાપ્તિની માનતામાં બે ઘેટા ત્રણ બોકળાની પશુબલી સાંજના સમયે ભુવા ભાયલાલભાઈ સોલંકી કે જે મહાકાળી અને લખાબાપાના શરીરમાં આવે છે તેના ઘરે થવાની છે તે સંબંધી સાત-આઠ શખ્સોના નામ આપવામાં આવ્યા હતા. છેલ્લા ત્રીસ વર્ષમાં ભુવાએ ૭૦૦ થી વધુ પશુઓની બલી ચડાવી દીધી છે. માતાજીનો ભય-ડર, બતાવી પરાણે પશુબલી કરાવે છે. પરિવારનું ધનોત-પનોતની બીક બતાવી માતાજી અને લખાબાપાના મઢે બલી ચડાવવામાં આવે છે. મફતમાં માંસ-મટનનો પ્રસાદ અવારનવાર કરવાથી સમાજના લોકોની ભીડ રહે છે. ભુવો વ્યસનની લત લગાડી નિર્દોષને મોતને આમંત્રણ આપતો હતો. ભુવાનો બંગલો વિસ્તારમાં ગરીબ સમાજના લોકો વ્યાજે રૂપિયા લઈ માનતા ઉતારતા હોય છે. દેવીપૂજક સમાજમાં સરકારે પશુબલી કરવા સંબંધી પરિપત્ર કર્યો છે તેવું ભુવો બોલીને છેતરપિંડી કરે છે, તેવી હકિકત જાથાને જણાવી હતી.

જાથાના જયંત પંડયાએ ખરાઈ કરવા દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, અંકલેશને મોકલતા હકિકત સાચી નીકળી હતી તેથી પર્દાફાશ સાથે પશુબલી અટકાવવાનું નક્કી થયું હતું. જાથાના ચેરમેન પંડયાએ અટકાવવા રૂબરૂમાં આઈ.જી.પી. પોલીસ મહાનિરીક્ષક, જિલ્લા પોલીસ વડાને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. રાજકોટથી એડવોકેટ જયંત પંડયાના વડપણ હેઠળ દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, ભાનુબેન ગોહિલ, અંકલેશ મનસુખભાઈ, રોમિત રાજદેવ, સ્થાનિક કાર્યકરો પડધરી પોલીસ સ્ટેશને પહોંચતા પી.એસ.આઈ. જી. જે. ઝાલા સાથે વાતચીત કરતાં પોલીસ

ફાળવણી કરી તેમાં હેડ કોન્સ્ટે. વિરેન્દ્રસિહ એસ. ઝાલા, પોલીસ સ્ટાફ રણજીતભાઈ ડેરૈયા, વિજયભાઈ દાફડા, પુષ્પરાજસિહ પરમાર, કિશોરભાઈ પારથી, બે મહિલા કોન્સ્ટેબલ સહિતના ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ભુવા ભાયલાલભાઈ સોલંકીના ગીતાનગરમાં આવેલા મઢ-ઘરે પહોંચતા બે પશુની માનતાના નામે હત્યા કરી પ્રસાદની કામગીરી ચાલુ હતી.

જાથાના સદસ્યા ભાનુબેન ગોહિલ ફરિયાદી બની પશુબલી કરનારા ચાર શખ્સો સામે ગુન્હો દાખલ કરતાં ભુવા ભાયલાલભાઈ સોલંકી, બચુભાઈ સોલંકી, રમેશભાઈ ભાયલાલભાઈ, વિપુલ દેવરાજભાઈ સોલંકીની પોલીસે ધરપકડ કરી હતી.

# લીંબડીમાં સગા મામાના હાથે ભાણેજની હત્યા

## મામીની મશ્કરી કરવાના પ્રશ્ને મામાએ યુવાનના ગળા પર કાતર મારી ગળુ કાપી નાંખ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગરનાં લીંબડીમાં ખાક ચોક વિસ્તારમાં ૧૮વર્ષનાં વિકાસ ચાવડા નામનાં યુવકની કાતરથી ગળું કાપી સગા મામાએ જાહેરમાં હત્યા કરી નાખી હતી. મળતા અહેવાલ પ્રમાણે વિકાસે મામીની મશ્કરી કરી હતી, આ બાબતની અદાવત રાખીને મામાએ સગા ભાણિયાની હત્યા કરી નાખી હતી. યુવાનની ઓળખ વિકાસ ચાવડા તરીકે થઈ છે. પોલીસે યુવાનના



મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો હતો.

આ બાબતે લાગી આવતા મામા અને મામી સહિત ૪ લોકોએ ભેગા મળીને તેની હત્યા નીપજાવી હતી. બીજી તરફ આ ઘટનામાં સગી મામીએ પણ સાથ આપ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ઘટનાને લઈને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. લીંબડી પી.એસ.આઈ સહિતનાં સ્ટાફે હત્યારાઓને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે. મામએ જ ભાણિયાની હત્યા કરતાં જ પરિવારના તમામ સભ્યો સ્તબ્ધ થઈ ગયા અને શોકનું મોજું ફરી વળ્યું હતું.

# રાજકોટની ભાગોળે બેડલા ગામે દીપડાએ વાછરડીનું મારણ કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગ્રામ્ય વિસ્તારો અને શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાએ દેખાદેતા લોકો ભયના ઓઠા હેઠળ જીવી રહ્યા છે. તેવામાં બુધવારે રાત્રિના સમયે બેડલા ગામે દીપડાએ એક વાછરડીનું મારણ કર્યું હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનો દ્વારા દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ દોડતું થયું હતું.

દીપડો હવે રાજકોટના તાલુકા વિસ્તારમાં પહોંચી ગયો છે. આ અંગે



જાણવા મળતી વિગતો મુજબ રાજકોટના બેડલા ગામે રાત્રીના સમયે દીપડાએ એક વાછરડીનું મારણ કર્યું છે. નાયબ વન સંરક્ષકે વોઇસ ઓફ ડે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, બેડલા ગામે વાડી વિસ્તારમાં દીપડાએ મારણ કર્યું હતું. જે અંગે પશુ માલિકે વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટીમ ત્યાં પહોંચી હતી. અહીં દીપડાના ફૂટમાર્ક મળ્યા હતા. જેને લઈને દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા પાંજરું મૂકવામાં આવ્યું છે. નોંધનીય છે કે, છેલ્લા ૧૮ દિવસથી દીપડો રાજકોટના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વન વિભાગને ફૂટમાર્ક મળ્યા દીપડો પકડવા પાંજરું મુકાયું ગ્રામજનોમાં ભયનો માહોલ આંટાફેરા કરી રહ્યો છે અને લોકોમાં ભયનો માહોલ પણ છે. જો કે, હજુ સુધી વન વિભાગને દીપડો પાંજરે પૂરવામાં સફળતા મળી નથી.

# જીમમાંથી કસરત કરી ઘરે પરત આવેલો યુવાન ઢળી પડયોઃ મોત

## થોરાળામાં સફાઈ કામદાર બાથરૂમમાં બેભાન થઈ જતાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સવારે જીમમાં કસરત કરી ઘરે પહોંચેલ યુવાન વેપારી અચાનક ઢળી પડ્યો હતો અને થોરાળામાં સફાઈ કામદાર બાથરૂમમાં બેભાન થઈ જતાં બંનેને હોસ્પિટલે ખસેડાયા હતાં જો કે બંનેના હાર્ટએટેકથી મોત નીપજ્યાનું જાહેર કરવામાં આવ્યુ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના કેવડાવાડીમાં પ્રીયદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અને ગુંદાવાડીમાં કપડાની દુકાનમાં બેસી વેપાર કરતા વિરલભાઈ જયેશભાઈ અઢિયા નામનો



૨૫ વર્ષીય યુવક સવારે ભક્તિનગર સર્કલ નજીક જીમમાં કસરત કરવા ગયો હતો અને કસરત કરી પરસેવો પાડી ઘરે પહોંચ્યો હતો ત્યારે જ અચાનક ઢળી પડતાં બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો પરંતુ અંહી ફરજ પરના તબીબોએ હાર્ટએટેકથી મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમીક તપાસમાં યુવકે બે ત્રણ દિવસથી જીમ જોઈન કર્યુ હતુ વેપારી યુવાનના મોતથી એકના એક પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

જયારે અન્ય બનાવની વાત કરીએ તો નવા થોરાળામાં રહેતાં અને કોર્પોરેશનમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતાં ૩૫ વર્ષીય મનીષભાઈ હિરાભાઈ નારોલા વહેલી સવારે નોકરીએ જવાની તૈયારી કરતાં હતા ત્યારે બાથરૂમમાં જ બેભાન થઈ ઢળી પડ્યાં પરિવારજનોએ સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં થોરાળા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને દોડી જઈ મૃતદેહ પીએમ અર્થે ખસેડી કાર્યવાહી કરી હતી પરિવારજનોની પ્રાથમિક પૂછતાછમાં મૃતક બે ભાઈ બે બહેનમાં નાના અને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરાના આજવા રોડ પર ૭૮ લાખના વિદેશી દારૂ સાથે પાંચ શખ્સો ઝડપાયા

## સ્ટેટમોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી વિદેશી દારૂની ૩૮,૪૧૨ બોટલ તથા ૮ મોબાઈલ તથા ૧૩ વાહનો સહિત કુલ રૂા.૧.૨૪ કરોડનો મુદ્દામાલ કબ્જે ર્ક્યો

**મુખ્ય સમચાર રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્રા કાગળ પર જ હોય તેમા ગુજરાતમાં ઠેકઠેકાણે સ્ટેટમોનીટરીંગ ટીમ ારા દરોડા પાડી લાખો કરોડોનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે ત્યારે એસએમસી ની ટીમે વધુ એક દરોડો વડોદરાના આજવા રોડ પર પાડી રૂા.૧.૨૪ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સોની ધરપકડ કરી ત્રણ બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે.



આ અંગેની માહિતી મુજબ ગુજરાત સ્ટેટમોનિટરિંગ સેલના એસપી નીલદીપ્ત રાયની સુચનાના પગલે ગુજરાતમાં દારૂબંધીની કડક અમલવારી કરવાની સુચનાના પગલે એસએમસીના ડીવાયએસપી કેટી કામડીયા ના માર્ગદર્શન હેઠળ પીઆઈ સી.એચ.પનારા સહિતનો સ્ટાફ વડોદરા શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે આજવા રોડ પર આવેલ સરદાર એસ્ટેટ પાસે ખુલ્લા પ્લોટ માં દરોડો પાડતા વિદેશી દારૂની ૩૮,૪૧૨ બોટલ કિંમત રૂા.૭૮ લાખ ના જથ્થા સાથે વડોદરાનો સુનીલ ઉર્ફે અડો પ્રકાશ કેવલરામાણી તથા મુકેશ નારણ દાસ માખીજાણી ચીરાગ દિલીપ દરબાર તથા અજય ભીખા રાઠોડ તથા સોનું હરદયાણી કોરી નામના પાંચ શખ્સોની ધરપકડ કરી તેર વાહનો આઠ મોબાઈલ સહિત કુલ રૂા.૧.૨૪ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર લાલુ સિંધી ઉર્ફે લાલચંદ હેમંતદાસ કાનાણી તથા વાહન માલીકો અને દારૂનો જથ્થો મોકલનાર સપ્લાયર સહિતના શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# ઉત્તરાયણના તહેવાર પૂર્વે મેટોડા અને ગોંડલમાં ચાઈનીઝ દોરી સાથે ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તરાયણ તહેવારને માત્ર હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા વેપારીઓ પર રાજકોટ રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. તેમાં મેટોડા જીઆઈડીસીમાં અને ગોંડલમાં ૩ વેપારીઓ પાસેથી ચાઈનીઝ દોરીના ૬૨ ફિરકા મળી આવ્યા તેની અટકાયત કરાઈ છે.

મેટોડા જીઆઈડીસીના પીએસઆઈ કે.એ.ગોહિલના માર્ગદર્શન હેઠળ તેની ટીમ દ્વારા જુદી જુદી દુકાનોમાં ચેકીંગ હાથ ધરાયું હતું. ત્યારે મેટોડા જીઆઈડીસીના ગેઈટ નંબર ૩ નજીક કિસ્મત ચોકડી પાસે જાહેરમાં ચાઈનીઝ દોરી વેંચતા નીતિન રમેશ સાગઠિયા (ઉ.વ.૨૩, રહે. શ્રીનાથજી સોસાયટી, મેટોડા)ની અટકાયત કરી રૂ.૩૦૦ની કિમતની ચાઈનીઝ દોરીની બે ફીરકી જપ્ત કરાઈ હતી.આ ઉપરાંત ગોંડલ સિટી પોલીસના પીએસઆઈ વી.કે. કોઠીયાની રાહબરીમાં તેની ટીમ દ્વારા દુકાનો ચેકીંગ કરતા ભગવતપરા નજીક પટેલવાડીમાં વેપારી રૂપેશ ગિરધર કટેસિયા(ઉ.વ.૨૫, રહે. હરભોલે સોસાયટી, ગોંડલ)ને ૨૩૦૦ની કિમતની ૨૩ ફીરકી અને સેન્ટ્રલ ટોકીઝ પાસેથી યશ નીતિન ગોહેલ (ઉ.વ.૨૦, રહે. નીલકંઠ સોસાયટી, ગોંડલ)ને ૩૭૦૦ની કિંમતની ૩૭ ફીરકી સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. આ ત્રણેય કિસ્સામાં વેપારીઓની અટકાયત કરી કુલ ૬૨ ફિરકા કબ્જે કરવામાં આવ્યા છે.

# ગોંડલ રોડ પર ખોડિયાર પરામાં વૃધ્ધાનો ઝેરી પાવડર પી આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા ખોડિયાર પરા શેરી.૪માં રહેતી હલીમાબેન યુનુંસભાઈ મીની વારીયા (ઉ.૬૦)નામના વૃધ્ધાએ ગઈકાલે બપોરે પોતાના ઘરે કોઈ કારણોસર ઘઉ નાખવાનો ઝેરી પાવડર પી જતા બેભાન હાલતમાં સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેનું મોત નીપજ્યું હતું. બનાવના પગલે માલવિયા નગરે પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT